# મૂલ્યાંકન માટે હોસ્પિટલમાં દાખલ કરવા

(1983 ના માનસિક આરોગ્ય અધિનિયમની કલમ 2)

| | |
|---|---|
| 1. દર્દીનું નામ | |
| 2. તમારી સંભાળ રાખનાર વ્યકિતનું નામ (તમારા ‘જવાબદાર ચિકિત્સક’) | |
| 3. હોસ્પિટલ અને વોર્ડનું નામ | |

## હું શા માટે હોસ્પિટલમાં છું?

તમને 1983ના માનસિક આરોગ્ય અધિનિયમની કલમ 2 હેઠળ હોસ્પિટલમાં રાખ્યા છે. બે ડોકટરો દ્વારા તમારી તપાસ કરવામાં આવી છે અને તેઓને લાગે છે કે તમને માનસિક વિકૃતિ છે અને તમારે હોસ્પિટલમાં રહેવું જોઈશે, જેથી તમારી સંભાળ રાખનાર વ્યકિત (તમારા જવાબદાર ચિકિત્સક) તમારામાં શાની ખામી છે અને તમને કેવી રીતે મદદ કરવી તે શોધી કાઢી શકશે.

## હું અહીં કેટલો સમય રહીશ?

તમને અહી 28 દિવસ સુધી રાખી શકાશે.

આ સમય દરમિયાન, તમારા જવાબદાર ચિકિત્સક ન કહે ત્યાં સુધી તમારે હોસ્પિટલ છોડવી જોઇશે નહીં. તમે હોસ્પિટલ છોડી જવાનો પ્રયત્ન કરશો તો સ્ટાફ તમને અટકાવી શકશે, અને છોડી જશો તો તમને પાછા લાવી શકાશે.

તમને માનસિક આરોગ્ય અધિનિયમની કલમ 4 હેઠળ પહેલેથી હોસ્પિટલમાં રાખવામાં આવ્યા હોય, તો પછી તમને હોસ્પિટલમાં રાખવામાં આવ્યા હોય ત્યારથી 28 દિવસના ભાગ તરીકે ગણવામાં આવે છે.

તમારા કેસમાં 28 દિવસ નીચેની તારીખે સમાપ્ત થાય છે.

| |
|---|
| તારીખ: |

